ભ્રષ્ટાચારમાં પોઝેટીવ ટાઉન પ્લાનિંગ ઓફિસર અને વચોટિયાનો કોરોના રિપોર્ટ નેગેટીવ

સાબરકાંઠા એસીબીએ અટક કરી રીમાન્ડ માટે તજવીજ હાથ ધરી

અરવલ્લી જિલ્લા સેવાસદનમાં આવેલ ટાઉન પ્લાનીંગ કચેરીમાં ફરીયાદના આધારે અરવલ્લી એન્ટી કરપ્શન પીઆઈ વણઝારા અને તેમની ટીમે સફળ ટ્રેપ કરી ટાઉનપ્લાનીંગ ઓફિસર કીરીટ રાવલ વતી રૂ.૨૦૦૦ની લાંચ લેનાર એજન્ટ પ્રતીક જયસ્વાલને દબોચી લીધા પછી ટાઉનપ્લાનિંગ કચેરીમાંથી જિલ્લા ટાઉન પ્લાનર કીરીટ રાવલને ઝડપી લીધો હતો. એસીબીની

સફળ ટ્રેપથી જિલ્લા સેવા સદનમાં છડેચોક વકરેલ એજન્ટ રાજને લઈ વચોટીયા રાખતાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ આ ટ્રેપથી ગભરાઈ ઉઠયા હતા અને સમગ્ર સેવાસદનમાં સન્નાટો છવાયો હતો. અરવલ્લી એસીબીએ સફળ ટ્રેપ પછી સમગ્ર તપાસ સાબરકાંઠા એસીબી ટીમને સુપ્રત કરતા સાબરકાંઠા એસીબીએ સરકારી ગાઈડલાન મુજબ ટાઉન પ્લાનર કીરીટ રાવલ અને વચોટિયાનો કોરોના રિપોર્ટ માટે કરાવતા બંને આરપીઓનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા ધરપકડ કરી રિમાન્ડ માટે તજવીજ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા સેવાસદનના બીજા માળે આવેલ ટાઉન પ્લાનીંગ કચેરીમાં બુધવારના રોજ અરવલ્લી એસીબીની ટીમે છાપો માર્યો હતો અને ફરીયાદી પાસેથી મિલકતના નકશાની નકલ પેટે રૂ.૨૦૦૦ની લાંચ માંગનાર ટાઉન પ્લાનર કલાસ વન અધિકારી કે.સી. રાવલ અને તેમના વતી લાંચની રકમ સ્વીકારનાર ખાનગી એજન્ટને રંગે હાથ દબોચી લેવાયા હતા. અરવલ્લી એન્ટી કરપ્શનના અધિકારી સી.ડી. વણજારા સહિતની ટીમ દ્વારા લાંચીયા અધિકારી અને તેના એજન્ટને ઝડપી લીધા બાદ સમગ્ર લાંચ કેસની તપાસ સાબરકાંઠા એસીબી ટીમને સુપ્રત કરવામાં આવી છે.

સાબરકાંઠા એસીબી પીઆઇ વી.એન. ચૌધરી અને તેમની ટીમે લાંચિયા ટાઉન પ્લાનર કીરીટ રાવલ અને તેના એજન્ટ પ્રતીક જયસ્વાલને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના રિપોર્ટ કરાવતા બંનેના કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા હોવાનું જણાવ્યું હતું અને બંનેની અટકાયત કરી આગામી ૨૪ કલાકમાં રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવામાં આવશેનું જણાવ્યું હતું.

સાબરકાંઠામાં નવા ૧૯ કેસ નોધાયા

દિવાળી બાદનો સમય જિલ્લાની પ્રજા માટે એસીડ ટેસ્ટ સમાન બન્યો

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારો બાદ દરરોજ સરેરાશ ૧૮ થી વધુ કેસ નોધાઈ રહ્યા છે ત્યારે દિવાળી પછીનો સમય સાબરકાંઠા જિલ્લાની પ્રજા માટે પડકાર રૂપ સાબિત થયો છે. દરમિયાન ગુરૂવારે વધુ નવા ૧૯ કેસ નોધાતાની સાથે જ જિલ્લામાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૫૮૯ થઈ ગયો છે. અને તેમાંય ખાસ કરીને હિંમતનગર શહેર અને તાલુકાને કોરોનાએ જે ભરડો લીધો છે તે ખુબજ સુચક છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે જે નવા ૧૯ કેસ નોધાયા છે તેમાં હિંમતનગર શહેર અને તાલુકામાં પાંચ કેસ જ્યારે ઈડર તાલુકામાં પણ વધુ પાંચ કેસ ઉમેરાયા છે. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ હિંમતનગર તાલુકાના ભાવપુર ગામમાં ૩૦ વર્ષિય પુરૂષ તથા શહેરની ઓમકારેશ્વર સોસાયટીમાં ૪૩ વર્ષિય પુરૂષ, ગાયત્રી મંદિર પાસે રહેતા ૩૦ વર્ષિય મહિલા, પોલોગ્રાઉન્ડમાં ૨૮ વર્ષિય મહિલા અને ઉમિયા સીટી સોસાયટીમાં ૫૦ વર્ષિય પુરૂષ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.

તેજ પ્રમાણે ઈડરની મધુવન સોસાયટીમાં ૫૯ વર્ષિય પુરૂષ, શુકુન સોસાયટીમાં ૨૦ વર્ષિય પુરૂષ, વડસોલ ગામમાં ૨૧ વર્ષિય મહિલા, કાનપુર ગામમાં ૨૧ વર્ષિય મહિલા તથા બાકરપુરા ગામમાં ૪૫ વર્ષિય મહિલા કોરોનામાં સપડાયા છે. ઉપરાંત ખેડબ્રહ્માના ખાડીયા ચાર રસ્તા પાસે રહેતા ૫૩ વર્ષિય પુરૂષ અને વિજયનગરમાં ૨૮ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. સાથોસાથ પ્રાંતિજના પંડ્યાવાસમાં ૪૨ વર્ષિય મહિલા, ૫૦ વર્ષિય પુરૂષ, બારોટવાસમાં ૦૦ વર્ષિય પુરૂષ, ગ્રીનપાર્કમાં ૫૦ વર્ષિય મહિલા તથા તાલુકાના ઘડી ગામમાં રહેતા ૨૨ વર્ષિય પુરૂષ સહિત તલોદની ગીરીરાજ સોસાયટીમાં ૪૦ વર્ષિય મહિલા અને કેશવ બંગ્લોઝમાં રહેતા ૨૧ વર્ષિય મહિલા કોરોનામાં સપડાઈ

ગયા છે આમ જિલ્લામાં ગુરૂવારે નવા ૧૯ કેસ નોંધાતાની સાથે કુલ આંકડો ૧૫૮૯ થઈ ગયો છે. જોકે તે પૈકી ૧૪૦૫ સાજા થયા છે અને હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૧૯૨ થઈ છે.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં સોથી વધુ કોરોના પોઝેટીવના કેસ હિંમતનગર તાલુકામાં ૬૮૪ નોધાયા છે. તદ્‌પરાંત પ્રાંતિજમાં ૧૦૮, ઈડરમાં ૩૦૦, તલોદમાં ૧૦૬, વડાલીમાં ૯૯, ખેડબ્રહ્મામાં ૪૦, પોશીનામાં ૧૪ જ્યારે વિજયનગર તાલુકમાં અત્યાર સુધીમાં ૫૫ કેસ નોધાઈ ચૂક્યા છે. એ પણ નોધનીય છે કે જિલ્લામાં કોરોનાને લધે કુલ ૧૨ મરણ થયા છે તે પૈકી ચારના મોત હિંમતનગર તાલુકામાં જ્યારે પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ૨, ઈડર તાલુકામાં ૩ અને વડાલી તાલુકામાં એક વ્યક્તિ કોરોના સામેનો જંગ હારી ગયા છે.

દિવ્યાંગ અધિકાર મંચ ધ્વારા નિવાસી કલેકટરને રજુઆત કરાઈ

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા સહિત ગુજરાતમાં વિવિધ સ્થળે રહેતા દિવ્યાંગોને રોજબરોજ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે ગુરૂવારે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી અંતર્ગત દિવ્યાંગ અધિકાર મંચના સાબરકાંઠા એકમ ધ્વારા નિવાસી કલેક્ટરને આવેદન પત્ર આપીને કેટલીક રજુઆતો કરવામાં આવી હતી.

દિવ્યાંગ અધિકાર મંચ ધ્વારા અપાયેલા આવેદન પત્રમાં જણાવાયા મુજબ દરેક દિવ્યાંગને માસીક રૂ?.૫ હજારનું પેન્સન મળવુ જોઈએ તથા દિવ્યાંગ વ્યક્તિ કામ કરી શકે તેવી જગ્યાએ નોકરી આપવી જોઈએ તથા દિવ્યાંગોનો સરકારની આવાસની વિવિધ યોજનાઓમાં સમાવેશ કરી રાહતદરે ઘર આપવુ જોઈએ.

આ ઉપરાંત દરેક રાજયમાં દિવ્યાંગો માટે નિગમની રચના કરીને વિકલાંગ ધારો ૨૦૧૬ નું અમલીકરણ કરવુ જોઈએ તથા તેમને બે એકર જમીન પણ ફળવવી જોઈએ તથા વાહનો ઉપયોગ કરતા દિવ્યાંગોને પેટ્રોલ તથા વીજળીના વપરાશમાં ૫૦ ટકા રાહત આપવાની માંગ કરાઈ છે.

પાલનપુરમાં બે હોસ્પિટલમાં રેડ : સોનોગ્રાફી મશીન સિલ

કોરોના કાળ વચ્ચે આરોગ્ય ટીમે પાલનપુરની બે ખાનગી હોસ્પિટલમાં દરોડા પાડ્યા છે. કાયદાની જોગવાઈઓ મામલે તપાસ હાથ ધરતાં ચોકાવનારી વિગતો સામે આવી છે. બંને હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીનની ઝુબરૂ તપાસ કરતાં ક્ષતિ જણાઈ આવી હતી. આથી હોસ્પિટલમાં જ બંને તબીબના સોનોગ્રાફી મશીન સીલ કરી આરોગ્ય અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી છે. શહેરની બે હોસ્પિટલના મશીનો સીલ થતાં ખાનગી આરોગ્ય આલમમાં ચકચાર મચી ગઇ છે.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરની બે ખાનગી હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય વિભાગે આકસ્મિક રેડ કરી હતી. ગત મોડી સાંજે ગઠામણ દરવાજા નજીક પૃથ્વી હોસ્પિટલ અને ઢુઢીયાવાડી સ્થિત ન્યુ મહેશ્વરી હોસ્પિટલમાં અચાનક તપાસ શરૂ કરી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ફેન્સી સહિતનાએ સોનોગ્રાફી મશીન સહિત રેકર્ડ ચેક કરતાં મોટી વિગતો પકડાઇ હતી. ડો. પ્રકાશ દેસાઇ પૃથ્વી હોસ્પિટલ, ગઠામણ દરવાજા અને ડો. દર્શન કેલા, ન્યુ મહેશ્વરી હોસ્પિટલ, ઢુઢીયાવાડીને ત્યાં જોગવાઈઓનો ભંગ જોવા મળ્યો હતો. પીસીપીએનડીટી એક્ટ મુજબ ફોર્મ એફ અને રજીસ્ટર નિભાવણીનો અભાવ સામે આવ્યો હતો. આથી કાર્યવાહી કરી તપાસ ટીમે બંને હોસ્પિટલના સોનોગ્રાફી મશીન સીલ કર્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે, કોરોના મહામારી વચ્ચે સોનોગ્રાફી મશીન લગત નિયમોની સચોટ અમલવારી તપાસવામાં આવી હતી. આરોગ્ય તંત્ર કોરોનામા વ્યસ્ત હોવાની દોડધામ વચ્ચે અચાનક કરવામાં આવેલી તપાસથી તબીબ આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્ય અધિકારીએ બંને હોસ્પિટલના તબીબોને નોટિસ ફટકારવાથી લઈને વધુ પગલાં ભરવા સહિતની કાર્યવાહી શરૂ કરી છે. આ માટે જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ કર્યા બાદ નિર્ણય લેવાઇ શકે છે.

ગરીબોના વીજમીટર માલેતુજારોના ઘરે લગાવવાનું મસમોટું કૌભાંડ

મોડાસામાં ૮૦૦ ગેરકાયદેસર વીજ મીટર ઝડપાયાની ચર્ચા,વીજકચેરીના અધિકારીઓની સંડોવણી

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં ટાઉન પ્લાનીંગ અધિકારી અને તેના વચોટિયાની એસીબી ટ્રેપની શાહી સુકાઈ નથી ત્યારે મોડાસા શહેરમાં વધુ એક મસમોટું કૌભાંડ આચરાયું હોવાની બૂમો વચ્ચે યુજીવીસીએલ કચેરી હિંમતનગર સર્કલ વિજિલન્સની ટીમે મોડાસા યુજીવીસીએલ કચેરીમાં છેલ્લા બે દિવસથી ધામા નાખી ગરીબોના મંજુર થયેલા ૮૦૦ જેટલા ગેરકાયદેસર વીજ મીટરના જોડાણ પૈસાદાર લોકોને ત્યાં નાખી દઈ રોકડી કરી લેવામાં આવી હોવા અંગે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. આ કૌભાંડમાં જીઈબીના એક અધિકારી સહીત કેટલાક કર્મચારીઓ અને નગરપાલિકાના અધિકારી અને કર્મચારીઓની સંડોવણી પણ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. બીજી બાજુ આ અંગે વિજીલન્સ ટીમ પણ બંધ બારણે તપાસ આદરી હોવાથી આ અંગે મગનું નામ મરી પાડવા તૈયાર ન હોવાથી તરહ તરહની ચર્ચાઓને વેગ મળી રહ્યો છે.

મોડાસા શહેરમાં વીજ કચેરીના એક ઉચ્ચ અધિકારીએ શહેરના ગરીબ વિસ્તાર એવા સર્વોદયનગર વિસ્તાર સહીત અન્ય શ્રમિક વિસ્તારોમાં ગરીબોના નામે મંજુર થયેલા વીજ

મીટર માલેતુજાર લોકોના ઘરે નાખી દઈ મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે જેમાં નગરપાલિકાના પ્રમાણપત્ર પર સમગ્ર કૌભાંડને અંજામ આપવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ગરીબોના ઘરે નાખવાંના મીટર પૈસાદાર લોકોના ઘરે લગાવી દેવામાં આવ્યા હોવાની જાણ હેડ ઓફિસ થતા હેડ ઓફિસ દ્વારા તાબડતોડ હિંમતનગર સર્કલની વિજિલન્સની ટીમને તપાસના આદેશ આપતા વિજિલન્સની ટીમે તપાસનો ધમધમાટ શરુ કરતા સમગ્ર કૌભાંડનો રેલો મોડાસા જીઈબી કચેરીમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહીત મોડાસા નગર પાલીકા સુધી પહોંચે તો નવાઈ નહિ, હાલ તો વિજીલન્સ ટીમના અધિકારીઓ બંધ બારણે તપાસ કરતા હોવાથી અનેક ચર્ચાએ જોર પકડ્યું છે કે સમગ્ર કૌભાંડ બહાર આવશે કે પછી બંધ બારણે ભીનું સંકેલાઈ જશે સહીતનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી કલેકટર કચેરીએ લીફટ બંધ રહેતા આવેદનપત્ર આપવા પહોંચેલા દિવ્યાંગો અટવાયા

દિવ્યાંગ અધિકાર મંચ ગુજરાત પ્રદેશના નેજા હેઠળ અરવલ્લી જીલ્લાના દિવ્યાંગો જીલ્લા સેવાસદનમાં પ્રથમ મજલે આવેલી જીલ્લા કલેકટર કચેરીમાં

કલેક્ટરને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા પરંતુ જીલ્લા સેવાસદન કચેરીમાં લીફટ બંધ હોવાથી દિવ્યાંગો અટવાયા હતા, ત્યારે અચાનક કોઈ કામકાજ અર્થે નીકળેલ જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની નજર દિવ્યાંગો પર પડતા તેમની પાસે પહોંચી ગયા હતા અને જીલ્લા સેવાસદન પરિસરમાં નીચે જ દિવ્યાંગ લોકોનું આવેદનપત્ર સ્વીકારી બંધ હાલતમાં રહેલી લીફટ તાત્કાલિક ધોરણે રીપેર કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું.

અરવલ્લી જીલ્લાના દિવ્યાંગ અગ્રણી વૈશાલી નાયક અને અન્ય દિવ્યાંગોએ લોકોએ જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે કોરોના મહામારીમાં દિવ્યાંગોની હાલત દયનિય બની છે. દિવ્યાંગ લોકોને દર મહિને ૫ હજારની સહાય કરવામાં આવે તેમજ શારીરીક રીતે દિવ્યાંગ અને માનસિક રીતે સક્ષમ લોકોને જીવનધોરણ ઊંચું લાવવા રોજગારી, સરકારી નોકરીમાં ભરતી, સરકારી સહાય દિવ્યાંગો સુધી પહોંચે તેવી માંગ કરાઈ હતી. જેમાં દિવ્યાંગોને બીપીએલ કાર્ડમાં સમાવેશ કરવા, દિવ્યાંગોને સરકારી ઓફિસમાં કાયમી ધોરણે પૂરા વેતનથી નોકરી આપવી, રોજગારી માટે લોન આપવી, રાજ્ય દિવ્યાંગ નિગમની રચના, પંચાયતથી પાર્લામેન્ટ સુધી દિવ્યાંગોને પ્રતિનિધિત્વ મળે તે માટે ખરડો, દિવ્યાંગોને દિવ્યાંગ પ્રમાણપત્ર સરળતાથી મળી શકે તેવી વ્યવસ્થા કરવા આવેદનપત્ર પાઠવ્યું હતું.

પાલનપુરમાંથી નાસતો- ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા પેરોલ ફરલો સ્કોડના પીએસઆઈ કે.કે. પાટડીયા સ્ટાફ સાથે પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. વિસ્તારમાં પેરોલ/ફર્લો ફરારી તથા નાસતા ફરતા આરોપીઓની તપાસમાં હતા. દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે ગણદેવી પો. સ્ટે. પ્રોહી. ગુ. ર.ન. ૭૨૨/ ૨૦૦૯ પ્રોહી. ક.૬૬એઈ, ૯૮ (૨) વી મુજબના ગુનામાં છેલ્લા

અગિયાર (૧૧) વર્ષથી નાસતા ફરતા આરોપી ફિરોજ મનસૂરભાઈ મેવાતી (રહે. ધાનેરા ગરવા ચોક તા. ધાનેરા)ને તા.૩-૧૨-૨૦૨૦ના રોજ પાલનપુર એરોમા સર્કલ મુકામેથી પકડી પાડ્યો હતો અને આગળની ગુના લગત કાર્યવાહી માટે ગણદેવી પો.સ્ટે. જાણ કરી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસને સોંપવામાં આવેલ છે.

તાલુકા સેવા સદન ખાતે કોરોના ટાસ્ક ફોર્સ માટે મિટિંગ મળી

ખેડબ્રહ્મા, તા. ૩

કોવિડ-૧૯ રસીકરણ કામગીરીનું અસરકારક

અમલીકરણ કરવામાં આવે તે માટે ટાસ્ક ફોર્સની ટીમ બનાવવામાં આવેલ છે. રસીકરણ સુચારુ રુપે થાય તે માટે પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને તાલુકા સેવાસદનમાં મિટીંગ મળી હતી.

જેમાં ખેડબ્રહ્મા તાલુકામાં ૧૯૦૦૦૦ જેટલી જન સમુદાયને રસીકરણમાં આવરી લેવાનુ આયોજન કરવમાં આવ્યું છે. જેમાં પ્રથમ આરોગ્ય વિભાગને લાગતા કર્મચારીઓને પ્રાથમિકતા આપી પ્રથમ રસી આપવામાં આવશે.

આ મિટિંગમાં તાલુકાના અધિકારીઓ, સરકારી અને ખાનગી ડોક્ટર હજાર રહ્યા હતા.

ખેડબ્રહ્મા તાલુકાનુ ઊંચીધનાલમા ડોક્ટરનું સન્માન

ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ ઊંચીધનાલ ગામે પીલુદ્રા ગામના ડો.રમેશચંદ્ર એમ. રાવલ ઊંચીધનાલમાં છેલ્લા ૩૫ વર્ષથી સેવા આપી રહ્યા છે અને હાલમાં કોરનાકાળ જેવી કપરી પરિસ્થિમાં પણ પોતાના પરિવારની ચિંતા કર્યા વગર ગામલોકોની હજુ પણ સેવા કરી રહ્યા છે જે બદલ ઉંચીધનાલના ગ્રામજનોએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

બનાસડેરીના ચેરમેન અને પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીના જન્મ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના કોર કમિટીના મેમ્બર શંકરભાઈ ચૌધરીને જન્મ દિવસ નિમિત્તે સાર્વજનિક હોસ્પિટલ મોડાસા ખાતે યુવા મોરચા સાથે જિલ્લા પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, જિલ્લા મંડલ ભાજપાના હોદ્દેદારો-કાર્યકર્તાની ઉપસ્થીતિમાં ફુટ અને માસ્ક વિતરણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

લાલજી કંપા પાસે અકસ્માતમાં ત્રણ ઘાયલ

ખેડબ્રહ્મા અંબાજી હાઈવે પર લાલસિંહ કંપા પાટિયા પાસે ગુરુવાર સવારે એક દૂધ ટેન્કર અને જીપ વચ્ચે અકસ્માત થતા જીપ ડ્રાઇવર અને બે પેસેન્જર ઘવાયા હતા. ખેડબ્રહ્મા તરફથી દૂધ ટેન્કર જીજે.૯.એયુ.૧૬૫૪ રાધિવાડ તરફ જઈ રહી હતી ત્યારે સામેથી આવતી પેસેન્જર જીપ જીજે.૧૭.જી.૨૩૩૮ આવી રહી હતી. બંને વાહન લાલસિંહકમ્પા પાટીયા પાસે ટક્કર થતા ટેન્કર પલટી મારી ગયું હતું અને ડીઝલ ટેન્કર ફાટી ગઈ હતી. જ્યારે જીપનો આગળનો ભાગ ફૂચડો વળી ગયો હતો. જેમાં જીપમાં બેઠેલ ડ્રાઈવર પ્રવીણભાઈ ઉદાભાઈ ખેર ૨૫ (પાંચ મહુડા) તથા પેસેન્જર રાહુલકુમાર જીવાભાઈ વાઘેલા ૨૨ (લક્ષ્મણગઢ) અને મેહુલકુમાર દિલીપભાઈ વાઘેલા ૧૭ (ગુંદેલ)ને ઈજાઓ પહોંચી હતી. તેમણે પ્રાથમિક સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં રાહુલભાઈ જીવાભાઈ વાઘેલાને માથાના ભાગે વધુ ઈજા થયેલ હોય વધુ સારવાર માટે હિંમતનગર રીફર કરાયા હતા.

ઘરમાં રહો
સુરક્ષિત રહો

બનાસ બનશે પાણીદાર બનાસ

બનાસ ડેરી અને લોકભાગીદારીના સહયોગથી બનાસ જળ શકિત અભિયાનનો પ્રારંભ

ભૌગોલિક અસમાનતા ધરાવતો બનાસકાંઠા જિલ્લો અપૂરતા વરસાદને કારણે અનેકવાર અનાવૃષ્ટિનો સામનો કરતો આવ્યો છે. એક બાજુ અરવલ્લીની ટેકરીઓ વાળો પર્વતીય વિસ્તાર તો બીજી બાજુ રણની કાંધીને અડીને આવેલો સુકો રેતાળ વિસ્તાર. પાણીના તળ પણ ક્યાંક નીચે પથ્થર આવે તો ક્યાંક ખારો પાટ વિસ્તાર. આવા સંજોગોમાં કુદરત ઉપર એક માત્ર આધાર રાખીને ચાલતો જિલ્લો અવારનવાર પાણીના અભાવે ખૂબ મોટી મુશ્કેલીઓ ભોગવતો રહ્યો.

જિલ્લાના ખેડૂતો, પશુપાલકો અને દૂધ ઉત્પાદકોની આર્થિક કરોડરજ્જુ સમી બનાસ ડેરીએ વધુ વરસાદ આવે અને જિલ્લો હરિયાળો બને તે માટે મોટાપાયે વૃક્ષારોપણ કાર્યક્રમ આદર્યો. આગામી ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષો વાવીને તેનું જતન કરવાનો નિર્ધાર બનાસના પશુપાલકોએ કરતા જિલ્લામાં વૃક્ષારોપણ મહાઅભિયાનને ઝુંબેશ તરીકે ખેડૂતો, સામાજિક સંસ્થાઓ, વનવિભાગ અને શૈક્ષણિક સંસ્થાઓ પણ લઈ રહ્યા છે, અને તેના ખૂબ સારા પરિણામો મળી રહ્યા છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ "ખેતરનું પાણી ખેતરમાં" - "સીમનું પાણી સીમમાં" અને "ગામનું પાણી ગામમાં" રહે એવા ઉમદા વિચારો સાથે જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોને હાકલ કરતા આજે સમગ્ર બૃહદ બનાસકાંઠા જિલ્લામાં "બનાસ જળશક્તિ અભિયાન"નો પ્રારંભ થયો. બૃહદ બનાસકાંઠા જિલ્લાના ૧૬ તાલુકા મથકોએ આજે વરસાદી પાણીને રોકવા માટેના આડબંધ, પાળા, ચેકડેમ કે તળાવ બનાવવા માટેના શ્રીગણેશ થતાં "બનાસ જળશક્તિ અભિયાન" થકી સમગ્ર જિલ્લામાં મોટાપાયે જળસંચયના કામો થશે. પ્રાથમિક તબક્કે બનાસ ડેરી સાથે સંયોજિત એવી ૮૦૨ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ ૧૭૦૦ જેટલા જળસંચય માટેના કામોની તૈયારી પણ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે આજે તમામ તાલુકાઓમાં બનાસડેરીના સ્થાનિક ડિરેક્ટરો, ગામના આગેવાનો અને સહયોગી શ્રેષ્ઠીઓના વરદ હસ્તે "બનાસ જળશક્તિ અભિયાન" નો પ્રારંભ થતાં આડબંધ, પાળા કે ચેકડેમના બાંધકામના ખાતમુહુર્ત પણ યોજાયા હતા. જેમાં રાધનપુર તાલુકાના સબ્દલપુર ગામે, ધાનેરામાં સામરવાડા ગામે, થરાદમાં લોઢનોર ગામે, દાંતીવાડામાં ગુંદરી, કાંકરેજમાં તેરવાડા, અમીરગઢમાં ગોદડપુરા(જેથી), વડગામમાં જલોત્રા, પાલનપુરમાં સાગ્રોસણા, સાતલપુરમાં ફાંગલી, વાવમાં દૈયપ, દાંતામાં મોટા પીપોદરા, સૂઈગામમાં રડકા, ડીસામાં નાગફણા, દિયોદરમાં લુદરા, ભાભરમાં ચાત્રા અને લાખણીમાં લાખણી ખાતે જળસંચયના ખાતમુહુર્ત યોજાયા હતા.